
આજીવિક ધર્મ
પુનઃ ઉત્થારક

ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

# ૐકાર સંપ્રદાય

## ધાર્મિક – આધ્યાત્મિક પથ

RNI No.: GUJGUJ/2015/65690
વર્ષઃ ૧૧ | અંકઃ ૯ | માર્ચ-૨૦૨૬
કિંમતઃ ૧૦/-



આજીવિક
ધર્મ
પુનઃઉત્થારક

# મંત્ર થેરાપી દરબાર
## રાજકોટ

ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

**નિઃશુલ્ક પ્રવેશ**



**નિઃશુલ્ક પ્રવેશ**

# જાહેર આમંત્રણ

જગતગુરૂ મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮ પ. પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી

**આર્થિક સમસ્યા | શારીરીક સમસ્યા | માનસિક સમસ્યા**
**સામાજિક સમસ્યા | સંતાનને લગતી સમસ્યા**

મંત્ર થેરાપી દરબારમાં જે સમસ્યા માટે આપ આવ્યા છો.
તેના સમાધાન માટે અલગ અલગ મંત્રથી સજ્જ દિવ્ય વસ્તુ આપવામાં આવશે.
શક્તિચક્ર બ્રેસલેટ, લક્ષ્મી શક્તિચક્ર પેન્ડન્ટ કષ્ટમુક્તિ બામ,
લક્ષ્મીઊર્જા મલમ, સિદ્ધ રક્ષાસૂત્ર, કષ્ટમુક્તિ પાવડર

**15 માર્ચ, 2026**
**રવિવાર**

**પ્રમુખ સ્વામી ઓડીટોરીયમ**
વોર્ડ નં.1, રૈયા રોડ, આલાપ ગ્રીન સીટી સામે,
રામેશ્વર પાર્ક, ઈન્ડીયન પાર્ક, રાજકોટ, ગુજરાત - 360005

**બપોરે 3 થી 5**
**કલાક સુધી**

વહેલા તે પહેલાના ધોરણે આપનું નામ અને નંબર આપેલ મોબાઈલ નંબર
**ઉપર વોટસઅપ કરવું. સંપર્ક સૂત્રઃ 94292 08997**



|| ૐ નમઃ ||

ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

**ૐકાર સંપ્રદાય**

માસિક મેગેઝીન (પત્રિકા)

**સ્થાપક**

ૐકાર સંપ્રદાયના આર્ષદ્રષ્ટા અને સ્થાપક
મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી

**તંત્રી**
કિંજલભાઈ શાહ

**સહતંત્રી**
મિહિરભાઈ શાહ

**સંપર્કસૂત્ર**

ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ
સેવા સમર્પણ ફાઉન્ડેશન
Trust Reg. No.: E/18590/Ahmedabad
Under 80-G Tax Free (5313/09-10)

ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ
Trust Reg. No.: E/20646/Ahmedabad

**સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી ચેરીટેબલ ટ્રસ્ટ**
(Trust Reg. No. E/23428/Ahmedabad
CSR No: CSR00045126 | 80G: ABDTS5377GF20221)

૦૦૧, ગ્રાઉન્ડ ફ્લોર, આંગી એપાર્ટમેન્ટ,
અન્નપૂર્ણા પાર્ટી પ્લોટ ની સામે,
નવા વિકાસ ગૃહ રોડ, પાલડી,
અમદાવાદ - ૩૮૦૦૦૭.

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

મોબાઈલ નંબર - ૮૭૫૮૯૯૯૨૯૭,
૯૪૨૯૨૦૮૯૯૭, ૯૩૭૬૩૩૪૨૮૯

**મુદ્રક**

પ્રિન્ટ વિઝન પ્રા. લી.
આંબાવાડી બજાર, અમદાવાદ - ૬
ફોન નં - (૦૭૯) ૨૬૪૦૫૨૦૦

માર્ચ-૨૦૨૬ | પાના નં: ૨૪
વર્ષ: ૧૧ | અંક: ૦૯
કિંમતરૂ.: ૧૦/-

# તંત્રી સ્થાનેથી...



પ્રિય ભક્તજનો,

આજે ૐકાર સંપ્રદાયના આ માર્ચ મહિનાના અંકના માધ્યમથી હું આપને જણાવવા માંગુ છું કે પરમ પૂજ્ય ગુરુજીએ તેમના પ્રાગટ્ય દિને એટલે કે ૮-૨-૨૦૨૬ના રોજ આજીવિક ધર્મના પુનરુત્થારક તેમજ જગતગુરુની પદવી હાંસલ કરી છે.

પરમ પૂજ્ય ગુરુજીના શબ્દોમાં એમણે કહેલી વાત હું અહીં રજૂ કરું છું - ‘‘મૌર્ય સામ્રાજ્યના સમયમાં મખ્ખાલી ગોસાલે સ્થાપેલ આજીવિક ધર્મ ખૂબ જ પ્રચલિત હતો અને એ ધર્મનું મુખ્ય સૂત્ર હતું ‘બ્રહ્માંડમાં બધું જ સુનિશ્ચિત છે.’ નિયતિવાદનો સિદ્ધાંત આજના સમયમાં આસ્તિક હોય કે નાસ્તિક બધાં જ માને છે. મંત્ર, મંત્રશક્તિપાત, શ્લોકોની વિવિધતા પર આ ધર્મ ચાલતો હતો. સમ્રાટ અશોકના નિધન બાદ આ ધર્મ ધીમે-ધીમે લુપ્ત થઈ ગયો.’’ પરમ પૂજ્ય ગુરુજીએ કરેલ નિર્ધાર પ્રમાણે એ લુપ્ત થયેલ આજીવિક ધર્મના પુનરુત્થારક બન્યા છે.

આ સાથે હું અહીંયા પરમ પૂજ્ય ગુરુજી રચિત ગઝલ સંગ્રહમાંથી એક ગઝલ પ્રસ્તુત કરી રહ્યો છું.

## ‘આખરી દમ લગ’

**હું ડર્યો તો માત્ર મારાથી ડર્યો, કરગર્યો તો માત્ર ખુદને કરગર્યો ;**
**જાણતો’તો સામે ઊંડી ખાઇ છે, પણ ન અડગે માર્ગથી પાછો ફર્યો ;**
**એટલા આઘાત પણ ઝાઝા મળ્યા, જેટલો વિશ્વાસ મેં ઝાઝો કર્યો ;**
**બુંદ પણ તારી મને પોષાય નહીં, છોને તારી પાસે હો દરીયો ભર્યો ;**
**પૂર પોતે પાણી પાણી થૈ ગયું, આખરી દમ લગ હું એ રીતે તર્યો.**

ૐકાર સંપ્રદાય મેગેઝિનમાં આવતા મંત્રો તેમજ દિવ્ય સાધનાઓ દ્વારા આપ સૌના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવે તેવી પ.પૂ. સદ્‌ગુરુ ૐઋષિના શ્રીચરણોમાં અભ્યર્થના સાથે ૐ નમઃ...

તંત્રી,
કિંજલભાઈ શાહ

|| ૐ નમઃ ||

# સદ્ગુરુ ૐઋષિનો પ્રાગટ્યદિન

**"દર્શન માત્ર સે મિટે કષ્ટ"**

**મંત્ર - દર્શન - ચમત્કાર**

**આજીવિક ધર્મના પુનરુત્થારક તેમજ જગતગુરુ મંત્રયુગપરિવર્તક**
**ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮ પ.પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામીનો**

## પ્રાગટ્ય દિવસ (જન્મ દિવસ)

પરમ પૂજ્ય ગુરુજીના પ્રાગટ્ય દિન ૮-૨-૨૦૨૬ના રોજ અન્નપૂર્ણા હોલ, પાલડી, અમદાવાદ ખાતે હજારો ભક્તોએ તેમના મંત્રથી તેજોમય મહાદર્શનનો લાભ લઇ ધન્યતા અનુભવેલ. આ મહોત્સવમાં ભક્તોને પરમ પૂજ્ય ગુરુજી દ્વારા મંત્રસિદ્ધ દિવ્ય પ્રસાદીરૂપી ભેટ આપવામાં આવેલ. આ દિવ્ય અવસરે ભક્તોની અપાર ભીડ થયેલ અને ભક્તો માટે મહાપ્રસાદની વ્યવસ્થા પણ રાખવામાં આવેલ. આવા અલૌકિક દિવ્ય ક્ષણોની સવિશેષ ઝલક...








॥ ॐ नमः ॥
















# સદ્ગુરુ ૐઋષિ અને મહાસાધના

મહાશિવરાત્રિના પાવન અવસરે

## આજીવિક ધર્મના

## પુનરુત્થારક તેમજ જગતગુરુ મંત્રયુગપરિવર્તક

## ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮ પ.પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામીની

## પાવિન નિશ્રામાં યોજાયેલ


# ૐકાર મહાશિવરાત્રી મહાશિવા મહાધ્યાન અને શ્રીવિદ્યા મહાસાધના

પરમ પૂજ્ય ગુરુજી દ્વારા કરાવવામાં આવેલ આ મહાસાધના ૧૫-૨-૨૦૨૬ના રોજ અન્નપૂર્ણા હોલ, પાલડી, અમદાવાદ ખાતે રાખવામાં આવેલ. ભગવાન શિવની ઊર્જા, શ્રીવિદ્યા મહાસાધનાથી આર્થિક કાર્યસિદ્ધિ, શિવાઊર્જા હિલીંગની નવી ટેકનીક, કુંડલિની શક્તિની ઊર્જાની ઓરામાં સક્રિયતા અને નકારાત્મક ઊર્જાથી રક્ષણના સમન્વય સાથે પરમ પૂજ્ય ગુરુજી દ્વારા કરાવવામાં આવેલ આ દિવ્યતમ મહાસાધનામાં ભક્તોએ ખૂબ જ શ્રદ્ધાથી લાભ લઇ ધન્યતાની અનુભૂતિ કરેલ. ગુરુજી દ્વારા તપોસિદ્ધ આ અલૌકિક સાધનાની દિવ્ય ક્ષણોની સવિશેષ પાવન ઝલક...





























# ભગવાન શ્રીરામની દિવ્ય કૃપા મેળવવાનો પવિત્ર દિવસ રામનવમી

### "રામનવમીના પાવન દિવસથી પરમ પૂજ્ય સંતશ્રી ૐઋષિ સ્વામી દ્વારા મંત્રોસિદ્ધ સાધના"

**ચૈત્ર મહિનાની શુક્લપક્ષની નવમી એટલે "રામનવમી".**

હિંદુ ધર્મશાસ્ત્રો પ્રમાણે ત્રેતાયુગમાં રાવણના અત્યાચારોને સમાપ્ત કરવા તથા ધર્મની પુનઃસ્થાપના કરવા માટે ભગવાન શ્રી વિષ્ણુએ મૃત્યુલોકમાં શ્રીરામના સ્વરૂપે અવતાર લીધો હતો. ભગવાન શ્રીરામનો જન્મ ચૈત્ર મહિનાની શુક્લ પક્ષની નવમીના દિવસે પુનર્વસુ નક્ષત્ર અને કર્ક લગ્નમાં રાણી કૌશલ્યા અને રાજા દશરથના ઘરે થયો હતો.

પૂરા ભારતવર્ષમાં રામનવમીનો પર્વ ખૂબ જ શ્રદ્ધા અને આસ્થા સાથે મનાવવામાં આવે છે. રામનવમીનો તહેવાર ભગવાન શ્રી વિષ્ણુના સાતમા અવતાર ભગવાન રામના જન્મદિવસ તરીકે ઉજવવામાં આવે છે. રામનવમીના દિવસે જ ચૈત્રી નવરાત્રિની સમાપ્તિ પણ થાય છે. ભગવાન શ્રીરામનો અર્થ છે "સ્વયં પ્રકાશ", "સ્વયંની ભીતર જ્યોતિ". જેનો અર્થ છે આપણી અંદરનો શાશ્વત પ્રકાશ. આપણી આત્માનો પ્રકાશ. રામનવમી પર્વનો મુખ્ય ઉદ્દેશ્ય છે 'આપણી અંદર જ્ઞાન અને પ્રકાશનો ઉદય'.

ભગવાન શ્રીરામ સ્વયં પ્રકાશ છે. ભગવાન શ્રીરામે ત્રેતાયુગમાં ધર્મની સ્થાપના માટે જન્મ લીધો હતો. તેમને મર્યાદાના પ્રતિક માનવામાં આવે છે અને પુરુષોત્તમ એટલેકે શ્રેષ્ઠ પુરુષની ઉપાધિ

આપવામાં આવી છે. મહાકાવ્ય રામાયણ અનુસાર અયોધ્યાના રાજા દશરથને ત્રણ પત્નીઓ હતી. કૌશલ્યા, સુમિત્રા અને કૈકયી. પરંતુ, લગ્નના ઘણાં વર્ષો પછી પણ રાજા દશરથને ત્યાં સંતાનપ્રાપ્તિ ન થઇ. તેના ઉપાય રૂપે ઋષિ વશિષ્ઠજીએ રાજા દશરથને પુત્ર પ્રાપ્તિ માટે કમેષ્ટિ યજ્ઞ કરાવવાનું કહેલું. આ સાંભળીને રાજા દશરથ ખુશ થયા અને યજ્ઞ કરાવવાની વિનંતી કરી. યજ્ઞ દરમ્યાન મહર્ષિએ રુશયા શરુંગાને ત્રણેય રાણીઓને પ્રસાદરૂપે ખીર આપી અને તે ખીર આરોગ્યા બાદ થોડા જ વખતમાં ત્રણેય રાણીઓ ગર્ભવતી થઇ અને ચૈત્ર મહિનામાં રાજા દશરથની મોટી રાણી કૌશલ્યાએ સુંદર પુત્ર 'શ્રીરામ'ને જન્મ આપ્યો તેમજ કૈકયીએ ભરતને તેમજ સુમિત્રાએ બે જુડવા પુત્ર લક્ષ્મણ અને શત્રુઘ્નને જન્મ આપ્યો. આમ, શ્રીરામનો જન્મ ધરતી પર ધર્મની સ્થાપના માટે તેમજ રાવણના અત્યાચારોને વિરામ આપવા માટે થયો હતો.

ભગવાન શ્રીરામ અવિનાશી પરમાત્મા છે જે બધાંના સૃજનહાર છે, જેની સ્તુતિમાં તૈંત્રીસ કરોડ દેવતાઓ-દેવીઓ નતમસ્તક રહે છે. જે પૂર્ણ મોક્ષદાયક અને સ્વયંભુ છે.

**આ વખતે રામનવમી તારીખ : ૨૬-૩-૨૦૨૬, ગુરુવારના રોજ છે.**

## રામનવમીના પાવન દિવસથી ભગવાન શ્રીરામની મંત્રસાધના કરવાની માહિતી

રામનવમીના પાવન દિવસથી ભગવાન રામની આરાધના કરવા માટે આજે હું આપને ૯ દિવસની સાધના આપી રહ્યો છું.

**દિવ્ય મંત્ર : ॥ ૐ રામસ્ય રામસ્ય ત્રતા નમઃ ॥**

ઉપર આપેલ દિવ્ય મંત્ર ૨૭ વખત કરી અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આ મંત્રસાધના ૯ દિવસ કરવી. આ સાધના આખા દિવસમાં ગમે તે સમયે કરી શકાય. સાધના દરમ્યાન કોઇ કારણસર દિવસ પડે તો ચિંતા ન કરતા કુલ ૯ દિવસ ગણીને આ સાધના પરિપૂર્ણ કરવી. આ દિવ્ય સાધનાથી આપને ભગવાન રામની અસીમ કૃપાની પ્રાપ્તિ થશે.

# મહાવીર જયંતીના પાવન દિવસથી મોક્ષમાર્ગ પ્રાપ્ત કરવા માટેની દિવ્ય મંત્રસાધના



જૈન ધર્મના ૨૪મા તીર્થંકર સ્વામી મહાવીરની જન્મતિથિ એટલે મહાવીર જયંતી. ભગવાન મહાવીરનો જન્મ લગભગ ૬૦૦ વર્ષ પૂર્વે ચૈત્ર મહિનાની શુક્લપક્ષની ત્રયોદશીના દિવસે મહારાજ સિદ્ધાર્થ અને માતા મહારાણી ત્રિશલાના ઘરે થયો હતો. જેનાં જન્મની ખુશીમાં મહાવીર જયંતી ઉત્સવ તરીકે ઉજવવામાં આવે છે. પંચશીલ સિદ્ધાંતના પ્રવર્તક અને જૈન ધર્મના ચોવીસમા તીર્થંકર ભગવાન મહાવીર અહિંસાના પ્રમુખ ધ્વજવાહકોમાંથી એક છે. કઠિન તપશ્ચર્યાથી જીવન પર વિજય પ્રાપ્ત કરવાનો તહેવાર એટલે મહાવીર જયંતી.

ભગવાન મહાવીર બાળપણથી જ ખૂબ જ તેજસ્વી અને સાહસી હતાં. ગૃહસ્થજીવનનો ત્યાગ કર્યા બાદ ભગવાન મહાવીરે સાડા બાર વર્ષ સુધી કઠોર તપ કર્યું પછી વૈશાખ મહિનાની શુક્લપક્ષની દશમીના દિને ઋજુબાલુકા નદીના કિનારે તેમને 'કૈવલ્ય જ્ઞાન'ની પ્રાપ્તિ થઇ હતી. ભગવાન મહાવીરના જન્મદિવસને 'કલ્યાણક'ના નામે પણ ઓળખવામાં આવે છે. આ દિવસે જૈન મંદિરોમાં ભગવાન મહાવીરની મૂર્તિ પર અભિષેક કરવામાં આવે છે. આ અભિષેકનું પણ ખૂબ જ વિશેષ મહત્ત્વ રહેલું છે. ભગવાન મહાવીરનું જીવન કષ્ટોનો જીવંત ઇતિહાસ છે. તેમણે તપ અને સાધનાના માર્ગ પર ચાલીને તમામ ઇચ્છાઓ અને વિકારો પર કાબુ પ્રાપ્ત કરી લીધો હતો. સુખી-વૈભવી જીવનનો ત્યાગ કરીને તેમણે તપ-સાધનાનો કઠિન માર્ગ અપનાવ્યો હતો. સાથે જ તેમણે અહિંસાનો અમર ઉપદેશ આપ્યો માટે તે "મહાવીર" કહેવાયા. સામાન્ય લોકોના કલ્યાણ અને અભ્યુદય માટે તેમણે ધર્મ-તીર્થનું પ્રવર્તન કરેલું.

ભગવાન મહાવીરે હંમેશાથી દુનિયાને અહિંસા અને અપરિગ્રહનો સંદેશ આપ્યો છે. તેમણે જીવમાત્રથી પ્રેમ અને પ્રકૃતિથી નજીક રહેવાનો ઉપદેશ આપ્યો છે. ભગવાન મહાવીરે જ

કહ્યું છે કે કદાચ જો કોઇને આપણી મદદની જરૂર હોય અને આપણે એની મદદ કરવામાં સક્ષમ છીએ છતાં તેની મદદ ન કરીએ તો તે પણ એક પ્રકારની હિંસા જ છે. તેમણે જાત-પાત-વર્ણના ભેદભાવોથી ઉપર ઉઠીને સમાજ કલ્યાણની વાત કરેલી.

આમ, મહાવીર જયંતી એ અહિંસા, ત્યાગ અને તપશ્ચર્યાનો દિવ્ય સંદેશ આપનાર મહાન પર્વ છે જેને પૂરા ભારતવર્ષમાં ખૂબ જ શ્રદ્ધા અને આસ્થા સાથે ઉજવવામાં આવે છે.

## મહાવીર જયંતીના પાવન દિવસથી મોક્ષમાર્ગ પ્રાપ્ત કરવા માટે ભગવાન મહાવીરની મંત્રસાધના કરવાની માહિતી

મહાવીર જયંતીના પાવન દિવસથી મોક્ષમાર્ગ પ્રાપ્ત કરવા માટે ભગવાન મહાવીરની દિવ્ય સિદ્ધ મંત્રસાધના હું આપને આપી રહ્યો છું.

**દિવ્ય મંત્ર : ॥ ૐ મહાવીરાય મહાવીરાય મોક્ષમ નમઃ ॥**

ઉપર આપેલ દિવ્ય મંત્ર આ મહાવીર જયંતી થી આવતી મહાવીર જયંતી સુધીમાં ૧૮૦૦૦ વાર કરવો. આ સાધના આખા દિવસમાં ગમે તે સમયે કરી શકાય. આ મંત્ર સિદ્ધ કરવાથી આપને મોક્ષમાર્ગની દિશા પ્રાપ્ત થશે.



# ચૈત્રી નવરાત્રિમાં માતા નવદુર્ગાના આશીર્વાદ અને કૃપા પ્રાપ્તિ માટે ચમત્કારિક મંત્રસાધના



સૌપ્રથમ એક લાકડાનો બાજઠ અથવા પાટલો લેવો. તેના પર પીળા કલરનું વસ્ત્ર પાથરવું. તેના ઉપર નીચે આપેલ ૐ શ્રી નવશક્તિ ઊર્જા ચક્રનું કટીંગ કરી લેમીનેશન કરાવી સ્થાપનમાં મુકવું. હવે સ્થાપનમાં વસ્ત્ર ઉપર ૭ (સાત) આખી સોપારી અને કંકુની એક ઢગલી કરવી. ત્યારબાદ નીચે આપેલા દિવ્ય મંત્રની રોજ ૧ (એક) માળા કરવી અને એકવાર ૐઋષિ રચિત શ્રી નવદુર્ગા ચાલીસાનો પાઠ કરવો.

| | | |
|---|---|---|
| સાધના કેટલા દિવસ કરવી? | : | આ સાધના ૯ દિવસ એટલેકે ચૈત્રી નવરાત્રિના પ્રથમ દિવસથી ચાલુ કરીને નોમ સુધી કરવી. |
| સ્થાપનનો સમય | : | સવારે ૭ થી ૧૧ માં સ્થાપન કરવું. |
| કયા કલરના વસ્ત્ર પહેરવા? | : | કોઈપણ કલરના વસ્ત્ર પહેરીને સાધના કરી શકાય. |
| ઉત્થાપન ક્યારે કરવું? | : | ઉત્થાપન દસમા દિવસે કરવું. સ્થાપનમાં મુકેલ દરેક વસ્તુનું ચક્ર સાથે નદીમાં વિસર્જન કરી દેવું. |

## દિવ્ય મંત્ર : ॥ ૐ નવશક્તિ દુર્ગાદેવી ત્રતા નમઃ ॥

## ૐ શ્રી નવશક્તિ ઊર્જા ચક્ર

| | | |
|---|---|---|
| ॥ ૐ श्री शैल्यरक्षादेवीः ॥<br>॥ २२ ॥ | ॥ ૐ श्री ब्रह्मचारिणीरक्षादेवीः ॥<br>॥ ३३ ॥ | ॥ ૐ श्री चंद्रघंटारक्षादेवीः ॥<br>॥ ६६ ॥ |
| ॥ ૐ श्री कुष्माण्डारक्षादेवीः ॥<br>॥ २२२ ॥ | ॥ ૐ श्री स्कंदमातारक्षादेवीः ॥<br>॥ ७७ ॥ | ॥ ૐ श्री कात्यायनीरक्षादेवीः ॥<br>॥ ५५५ ॥ |
| ॥ ૐ श्री कालरात्रिरक्षादेवीः ॥<br>॥ १११ ॥ | ॥ ૐ श्री महागौरीरक्षादेवीः ॥<br>॥ ३३३ ॥ | ॥ ૐ श्री सिद्धिदात्रीरक्षादेवीः ॥<br>॥ ९९९ ॥ |

॥ ૐ નમઃ ॥



# પરશુરામ જયંતી

## ભગવાન શ્રી પરશુરામની કૃપા પ્રાપ્ત કરવા માટે ચમત્કારિક મંત્રસાધના

પરશુરામ જયંતીના પાવન દિવસથી ભગવાન પરશુરામની આરાધના કરવા માટે આજે હું આપને ૯ દિવસની મંત્રસાધના આપી રહ્યો છું.

**દિવ્ય મંત્ર : ॥ ૐ પરશુરામ ત્રતા શક્તિ નમઃ ॥**

ઉપર આપેલ દિવ્ય મંત્ર ૯ વખત કરી અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આ મંત્રસાધના પરશુરામ જયંતીના દિવસથી શરૂ કરીને કુલ ૯ દિવસ કરવી. આ સાધના આખા દિવસમાં ગમે તે સમયે કરી શકાય. સાધના દરમ્યાન કોઇ કારણસર દિવસ પડે તો ચિંતા ન કરતા કુલ ૯ દિવસ ગણીને આ સાધના પરિપૂર્ણ કરવી. આ દિવ્ય સાધનાથી આપને ભગવાન પરશુરામની અસીમ કૃપા અને આશીર્વાદની પ્રાપ્તિ થશે.

॥ ૐ નમઃ ॥

## શ્રી ક્ષેત્રપાળવીર દાદાએ ચમત્કાર કર્યો

મારું નામ શ્યામભાઇ છે. પરમ પૂજ્ય ગુરુજીના દિવ્ય આશિષ અને પ્રેરણાથી હું ૐકારધામ તીર્થમાં બિરાજમાન શ્રી ક્ષેત્રપાળવીરના દર્શનાર્થે સંતાનપ્રાપ્તિની મનોકામના સાથે જવાનું શરૂ કર્યું. જીવનમાં અકલ્પ્ય હોય એવી વાત હું આપને જણાવવા માંગુ છું.

છેલ્લા સાત વર્ષમાં બધી જ મેડીકલ ટ્રીટમેન્ટ કરાવ્યા છતાં પણ સંતાન પ્રાપ્તિની ઇચ્છા પૂર્ણ થઇ ન હતી તે શ્રી ક્ષેત્રપાળવીરના કૃપાદૃષ્ટિ અને આશીર્વાદથી પરિપૂર્ણ થઇ. હજી ચોથા રવિવારની માનતા પૂર્ણ થઇ અને મારી ધર્મપત્ની ગર્ભવતી બની. ઉંમર મોટી હોવા છતાં પણ કોઇપણ મેડીકલ કોમ્પ્લીકેશન ના આવ્યા અને અમારા ઘરે પુત્રનો જન્મ થયો.

આ ઘટના ચમત્કારિક મારા માટે એટલે છે કે હું બધું જ કરી ચૂક્યો હતો છતાં અમારી જે ઇચ્છા પૂર્ણ થઇ ન હતી એ શ્રી ક્ષેત્રપાળવીરના દર્શનથી પરિપૂર્ણ થઇ. શ્રી ક્ષેત્રપાળવીરના ચરણોમાં કોટિ કોટિ વંદન... ગુરુજીના ચરણોમાં નમન....

લી. શ્યામભાઇ (જેતપુર)

## ધાર્યું ગુરુજીનું થાય

મેં મારા જીવનમાં ગુરુજીના મંત્રોના દિવ્ય ચમત્કારો જોયા છે. એમાંના એક ચમત્કારની વાત હું આપને જણાવું છું. હું છેલ્લા પંદર વર્ષથી એક્સપોર્ટનો બિઝનેસ કરું છું. જુલાઇ-૨૦૨૫માં મેં ચાઇનાથી એવા માલની ખરીદી કરી હતી જેમાં માલ તરત વેચાઇ જાય એવો હતો. પરંતુ માલ પોર્ટ ઉપર ફસાઇ ગયો અને ત્યાંના ગોડાઉનનું ભાડું અને ડ્યુટી પણ વધારે આપવા પડ્યા. જેના કારણે માલની મૂળ કિંમત ત્રીસ ટકા વધી ગઇ.

બે મહિના મેં ખૂબ પ્રયત્ન કર્યો પરંતુ ભાવ ટુ ભાવ તો છોડો નુકસાનમાં પણ માલ વેચાતો ન હતો. નવેમ્બરમાં મેં ગુરુજીને પ્રથમ વખત રીક્વેસ્ટ કરી કે મારો માલ જલ્દી વેચાઇ જાય. પરમ પૂજ્ય ગુરુજીએ મને દિવ્ય મંત્ર અને ૐકાર ચાલીસા કરવા માટે આપ્યા. મંત્ર રાત્રે ૯ થી ૧૧ માં ॥

ૐ લક્ષ્મીત્ય ત્રતાતી નમઃ ॥ એક માળા અને ૐકાર ચાલીસાનો પાઠ મેં કરવાનું શરૂ કર્યું.

વીસ દિવસમાં એવો અદ્ભૂત ચમત્કાર થયો જેના કારણે મારો માલ પ્રોફીટ સાથે વેચાયો. જે માલ નુકસાનમાં પણ કોઇ લેવા તૈયાર ન હતું. એ માલ દસ ટકા પ્રોફીટ સાથે વેચાયો. પરમ પૂજ્ય ગુરુજીના ચરણોમાં કોટિ કોટિ વંદન...

લી. મલય પટેલ (અમદાવાદ)

## સૂર્ય-ચંદ્ર મહાદર્શનથી કાર્ય સિદ્ધ થયું

અમે છેલ્લા કેટલાય વર્ષોથી અમેરિકામાં રહીએ છીએ, પરંતુ અમારું કોઇ લીગલ સ્ટેટસ ન હતું. ડોનાલ્ડ ટ્રમ્પ રાષ્ટ્રપતિ બન્યા બાદ એવું લાગતું હતું કે અમેરિકા છોડીને પાછું ઇન્ડિયા આવવું પડશે. પરંતુ અમારા અહીંયા ડિપાર્ટમેન્ટલ ચાર સ્ટોર છે. એ છોડીને અહીંયા આવવું અમારા માટે અશક્ય હતું. અમારા જ સ્ટોર ઉપર આવતા અમારા જ એક કસ્ટમરે જે અમારા વિશે બધી વિગત જાણતા હતા એમણે મને પરમ પૂજ્ય ગુરુજી વિશે વાત કરી.

ગુરુજી વિશેની વાત સાંભળીને મેં ગુરુજીને ફોન કરીને મારી વ્યથા જણાવી. પરમ પૂજ્ય ગુરુજીએ મને કહ્યું કે આ પ્રક્રિયામાં છ મહિના થશે પરંતુ તમને સફળતા મળી જશે. ફેબ્રુઆરી ૨૦૨૫ માં જ્યારે પરમ પૂજ્ય ગુરુજીનો સંપર્ક થયો ત્યાર પછી ગુરુજીએ પ્રક્રિયા ચાલુ કરી અને ડિસેમ્બર આવતા આવતા બધું જ રેડી થયેલું કામ જે પતતું ન હતું, વકીલો હા પાડતા ન હતા એમાં એક શીખ વકીલને કાર્ય સોંપ્યું અને એણે અમારું કાર્ય પાર પડાવી દીધું. જેટલું સ્પીડથી અમારું લીગલ સ્ટેટસ આવ્યું છે એની તો કલ્પના જ ચમત્કાર જેવી કહેવાય.

પરમ પૂજ્ય ગુરુજીએ મને એવું પણ કહ્યું હતું કે તમે તમારા પ્રોબ્લેમના સોલ્યુશન રૂપે મને જુઓ અને હું જે પણ મંત્ર અને ૐકાર ચાલીસાનો પાઠ આપું એ નિયમિત રીતે દવાની જેમ કરો. જો તમે આ કરશો તો તમારા જીવનમાં તમારું અમેરિકામાં લીગલ સ્ટેટસ થઇ જશે અને તમે કોઇપણ રીતે તમારે ભારત પાછા આવવું પડશે નહિ અને આ જ રીતે અક્ષરસહ ગુરુજીએ કીધું એ બધું જ પાલન કર્યું અને અમને સફળતા મળી.

અમે ગુરુજીને વિડિયો કોલના માધ્યમથી જ જોયા છે અને વિડિયો કોલના માધ્યમથી જ

એમના સૂર્ય-ચંદ્ર પૂનમ મહાદર્શન પણ કરીએ છીએ. અમે રૂબરૂ ક્યારેય મળ્યા નથી પરંતુ હવે ઇન્ડિયા આવીશું ત્યારે સૌથી પહેલા ગુરુજીને મળીશું. સદ્ગુરુ ૐઋષિના ચરણોમાં કોટિ કોટિ વંદન...

લી. વર્ષાબેન પટેલ (ન્યૂયોર્ક)

## પરમ પૂજ્ય ગુરુજીના આશીર્વાદથી નોકરી બચી ગઇ

હું છેલ્લા બાર વર્ષથી અમેરિકામાં છું. અમેરિકામાં સોફ્ટવેર કંપનીમાં મંદીના માહોલના કારણે ઘણીબધી મોટી કંપનીઓ કર્મચારીઓને ના પાડી રહ્યા હતા. નોકરી જવાના કારણે પરિસ્થિતિ ખરાબ થઇ રહી હતી. અમારી કંપનીમાં પણ આ જ પરિસ્થિતિનું નિર્માણ થયું. હું અને મારો કલીગ બેમાંથી એકની નોકરી જાય એવી હતી. શક્યતાઓ સો ટકા મને જ છુટો કરે એવી હતી.

મેં ગુરુજીને ફોન કરીને મારી વ્યથા જણાવી અને એમને પ્રાર્થના કરી કે ગુરુજી મારી નોકરી બચાવી લો. ગુરુજીએ મને ॥ ૐ વામત વામત ત્રતા નમઃ ॥ નો મંત્ર ૧૮ વખત કરવા આપ્યો અને ૐકાર ચાલીસાનો પાઠ, ૐ શ્રી ૧૨ જ્યોતિર્લિંગ ચાલીસાનો પાઠ નિયમિત કરવા માટે કહ્યું.

મેં ગુરુજીના આદેશ પ્રમાણે બધું નિયમિત કરવાનું ચાલુ કર્યું અને કલ્પના બહાર મારી નોકરી બચી ગઇ અને મારા કલીગની નોકરી જતી રહી. એની નોકરી ગઇ એનું મને દુઃખ થયું કારણકે એ મારો મિત્ર જ હતો. પંદર દિવસમાં એને પણ બીજી જગ્યાએ નોકરી મળી ગઇ. અમારા બંન્નેની નોકરી સચવાઇ ગઇ એ માટે મેં ગુરુજીને પૂછ્યું ત્યારે તેમણે કહ્યું કે તારા નસીબની ત્રતાઊર્જા આપણે એટલી વધારે કરી કે જેથી કરીને તારા ફાયદામાં બીજા કોઇનું નુકસાન પણ ના થાય. તારી કંપનીના માલિકને કે એના કર્તાહર્તાને એવું દેખાયું કે તારામાં વધારે પોટેન્સીયલ છે. ગુરુજીએ જે આશીર્વાદ આપ્યા અને મારી લીટીને મોટી કરી આપી એનો મને આનંદ છે. ઘણીવાર ગુરુજી જ્યારે એમ કહે છે કે થઇ જશે ત્યારે નવાઇ લાગે પણ જ્યારે થઇ જાય ત્યારે ખરેખર એ ચમત્કાર છે. પરમ પૂજ્ય ગુરુજીના શ્રીચરણોમાં મારા શત્ શત્ નમન...

લી. સુજલ પટેલ (ન્યૂજર્સી)

# પ્રોફેશનલ વ્યક્તિઓ માટે, છૂટક વસ્તુના વેપારી માટે, ઉત્પાદક માટે, જથ્થાબંધ માલના વેપારી માટે, નોકરિયાત માટે અને વિદ્યાર્થી માટે

## પ્રોફેશનલ વ્યક્તિઓ માટે :

આ મહિના દરમિયાન લાલ વસ્ત્રમાં ચોખાના ચાર દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી જ્યારે કામ માટે કે ઓફિસ જાઓ ત્યારે ખિસ્સામાં રાખીને જવું અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરીને જવું. આ પ્રક્રિયાથી આપના કાર્યમાં વિઘ્ન આવશે નહિ અને કાર્ય સફળ થશે.

## છૂટક વસ્તુના વેપારી માટે :

રીટેલરનો ધંધો કરતા વ્યક્તિઓએ આ મહિને વાદળી વસ્ત્રમાં ઘઉંના ચાર દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં મુકી રાખવું અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપના ધંધામાં ચમત્કારિક ફાયદો થશે.

## ઉત્પાદક માટે :

ઉત્પાદનના કાર્ય સાથે સંકળાયેલ વ્યક્તિઓએ આ મહિને પીળા વસ્ત્રમાં મગના ચાર દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી કેશ કાઉન્ટરમાં મુકી દેવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આ પોટલી બદલવાની નથી. આખો મહિનો એ જ જગ્યાએ રાખવાની છે. જેનાથી આપના ઉત્પાદનનાં કાર્યમાં સફળતા મળશે અને ધંધામાં ચમત્કારિક પ્રગતિ થશે.

## જથ્થાબંધ માલના વેપારી માટે :

હોલસેલના ધંધા સાથે સંકળાયેલા વ્યક્તિઓએ આ મહિના દરમ્યાન લીલા વસ્ત્રમાં વાલના ચાર દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં અથવા તો પોતાના ખિસ્સામાં રાખવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આમ આ પ્રક્રિયા નિયમિત કરવાથી આપના હોલસેલનાં ધંધામાં વધારો થશે.

## નોકરિયાત માટે :

નોકરી કરતા વ્યક્તિઓએ સફેદ વસ્ત્રમાં ચોખાના ચાર દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી જ્યારે નોકરીએ જાઓ ત્યારે એ પોતાની ઓફિસ બેગમાં અથવા ઓફિસના ખાનામાં રાખવું અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. મહિના સુધી આ જ પોટલી રાખવાની છે, રોજ નવી બનાવવાની નથી. આ પ્રક્રિયાથી નોકરીમાં આપના ઇચ્છિત કાર્યની સિદ્ધિ થશે.

## વિદ્યાર્થી માટે :

વિદ્યાર્થીઓએ કેસરી વસ્ત્રમાં મગના ચાર દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી પોતાના ભણવાની બેગમાં અથવા તો દફ્તરમાં આ મહિના દરમ્યાન રાખી મુકવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપનું ભણવામાં ધ્યાન કેન્દ્રિત થશે અને સફળતાની પ્રાપ્તિ થશે.

ઉપર આપેલ પ્રક્રિયા દરેક જણે ૩૦ દિવસ સુધી નિયમિત કરવી. ૩૦ દિવસ પછી નવા અંકમાં નવી પ્રક્રિયા આપવામાં આવશે. પછી એ નવી પ્રક્રિયા ચાલુ કરવી અને જૂની પ્રક્રિયા બંધ કરી દેવી. આ રીતે બાર મહિના સુધી અલગ-અલગ પ્રક્રિયા કરવાથી આપના કાર્યને વધુ ઝડપ મળશે તથા નામના, માન, કીર્તિ અને પ્રતિષ્ઠામાં વધારો થશે.

**✦ ખાસ નોંધ ✦**

જે પ્રક્રિયાથી આપને સફળતા મળે એ પ્રક્રિયા કાયમ ચાલુ રાખી શકાય અને જોડે નવી પ્રક્રિયા પણ કરી શકાય.

# સદ્‌ગુરુ ૐઋષિ રચિત પવિત્ર શબ્દોથી
# આ મહિનાના રોજેરોજના કાર્યમાં સફળતાની ગુરૂચાવી

| તારીખ | વાર | પવિત્ર શબ્દ | તારીખ | વાર | પવિત્ર શબ્દ |
|---|---|---|---|---|---|
| ૨૧-૦૩-૨૦૨૬ | શનિવાર | ૐ લક્ષ્મીતાની | ૬-૦૪-૨૦૨૬ | સોમવાર | ૐ મહાકુબેરદેવ |
| ૨૨-૦૩-૨૦૨૬ | રવિવાર | ૐ ધનતાની | ૭-૦૪-૨૦૨૬ | મંગળવાર | ૐ લક્ષ્યલક્ષ્મીદેવી |
| ૨૩-૦૩-૨૦૨૬ | સોમવાર | ૐ શક્તિતાની | ૮-૦૪-૨૦૨૬ | બુધવાર | ૐ સિધ્ધાશક્તિદેવી |
| ૨૪-૦૩-૨૦૨૬ | મંગળવાર | ૐ ગુરુતાની | ૯-૦૪-૨૦૨૬ | ગુરુવાર | ૐ ઇન્દ્રદેવાય |
| ૨૫-૦૩-૨૦૨૬ | બુધવાર | ૐ શુક્રતાની | ૧૦-૦૪-૨૦૨૬ | શુક્રવાર | ૐ વરુણદેવાય |
| ૨૬-૦૩-૨૦૨૬ | ગુરુવાર | ૐ શનિતાની | ૧૧-૦૪-૨૦૨૬ | શનિવાર | ૐ શક્તિપ્રદાતા |
| ૨૭-૦૩-૨૦૨૬ | શુક્રવાર | ૐ ચંદ્રતાની | ૧૨-૦૪-૨૦૨૬ | રવિવાર | ૐ લક્ષ્મીપ્રદાતા |
| ૨૮-૦૩-૨૦૨૬ | શનિવાર | ૐ બુધતાની | ૧૩-૦૪-૨૦૨૬ | સોમવાર | ૐ ધનપ્રદાતા |
| ૨૯-૦૩-૨૦૨૬ | રવિવાર | ૐ રાહુતાની | ૧૪-૦૪-૨૦૨૬ | મંગળવાર | ૐ વામલક્ષ્મીદેવી |
| ૩૦-૦૩-૨૦૨૬ | સોમવાર | ૐ કેતુતાની | ૧૫-૦૪-૨૦૨૬ | બુધવાર | ૐ સૂર્ય ચંદ્ર લક્ષ્મીદેવી |
| ૩૧-૦૩-૨૦૨૬ | મંગળવાર | ૐ મંગલતાની | ૧૬-૦૪-૨૦૨૬ | ગુરુવાર | ૐ ચંદ્ર સૂર્ય લક્ષ્મીદેવી |
| ૧-૦૪-૨૦૨૬ | બુધવાર | ૐ સૂર્યવિદન્ત્યદેવાય | ૧૭-૦૪-૨૦૨૬ | શુક્રવાર | ૐ ત્રવિતા લક્ષ્મીદેવી |
| ૨-૦૪-૨૦૨૬ | ગુરુવાર | ૐ ક્ષેત્રપાળવીરદેવાય | ૧૮-૦૪-૨૦૨૬ | શનિવાર | ૐ ધનશ્રીદેવી |
| ૩-૦૪-૨૦૨૬ | શુક્રવાર | ૐ રાજસ્વદેવ | ૧૯-૦૪-૨૦૨૬ | રવિવાર | ૐ યક્ષલ્યદેવી |
| ૪-૦૪-૨૦૨૬ | શનિવાર | ૐ ધનંતરીલક્ષ્મીદેવી | ૨૦-૦૪-૨૦૨૬ | સોમવાર | ૐ કાવલ્યદેવી |
| ૫-૦૪-૨૦૨૬ | રવિવાર | ૐ શુભાંશુલક્ષ્મીદેવી | | | |

# Karma Associates

TATA AIA LIFE INSURANCE | TATA AIG INSURANCE

## "All insurance in one umbrella."




**Book your Appointment:**

**Bhavin Shah - 99255 94767 | Priti Vora - 99241 99190**

karmaassociatesbhavinshah@gmail.com

# Kalash Associates

- Car Loan
- Home Loan
- Business Loan
- Personal Loan
- Mortgage Loan
- Education Loan

**Book your Appointment:**

**Jinal Joshi - 7575816434**

kalashassociates87@gmail.com

**Golden opportunity to join our business... 99255 94767**

આજીવિક
ધર્મ
પુનઃઉત્થારક

# ૐ શ્રી બજરંગબલી
## શક્તિ સાધના

ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)



### આ સાધના દ્વારા

બજરંગબલીની દિવ્ય શક્તિ સાથે પોતાની આંતરિક ઉર્જાનો સમન્વય અનુભવવાનો અવસર મળશે.

ખાસ કરીને બજરંગ રક્ષા ચક્ર ની શક્તિ દ્વારા મનમાં સ્થિરતા અને આત્મવિશ્વાસ વધશે

મનમાં રહેલી ચિંતા, ભય અને અસ્વસ્થતા થી મુક્તિ તરફ આગળ વધારશે

જીવનની મનોકામનાઓ પૂર્ણ થવાના માર્ગ ખુલશે.

ૐકાર સંપ્રદાયના સ્થાપક
અને આજીવિક ધર્મના પુનઃ ઉત્થારક
જગતગુરુ મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર
૧૦૦૮ પ.પૂ. સંતશ્રી સદગુરુ ૐઋષિ સ્વામી



| 2 એપ્રિલ 2026 | **અન્નપૂર્ણા હોલ**<br>આંગી ફ્લેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ | સાંજે 5 થી 7 |
|---|---|---|

**મહાપ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.**

**નોંધણી માટે આપનું નામ WhatsApp કરો: 94292 08997**

|| ૐ નમઃ ||

# જાહેર આમંત્રણ

"દર્શન માત્ર સે મિટે કષ્ટ"

ૐકાર સંપ્રદાયના આર્ષદૃષ્ટા અને સ્થાપક

જગતગુરુ મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮

પ.પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામીના

## સૂર્યની ઊર્જા અને ચંદ્રની શક્તિ સાથેના સમન્વયમાં

# સૂર્ય-ચંદ્ર પૂનમ મહાદર્શન

આજીવિક
**ધર્મ**
પુનઃ ઉત્થારક



ૐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

**શુભ તારીખ**
5 એપ્રિલ, 2026
રવિવાર

**શુભ સ્થળ**
## અન્નપૂર્ણા હોલ,
આંગી ફ્લેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ

**શુભ સમય**
સવારે 10 થી
બપોરે 1 કલાક સુધી

સંપર્ક સૂત્રઃ 9429208997

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

**RNI GUJGUJ/2015/65690**
Registered under Postal Registration No. AHD-C/64/2020-2022 valid up to 31st December-2022 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month' Date of Publication : 7th every month

Printed & Published by **KINJAL ASHOKKUMAR SHAH** on behalf of **'SEVA SAMARPAN FOUNDATION'** and Printed at Print Vision Pvt. Ltd., Print Vision House, Lane by jay Gujarat Fruit Center, Ambawadi Market, Ahmedabad - 380006 and published from 'Seva Samarpan Foundation', Gr. Floor, 001, Angi Flat, Opp. Annapurna Party Plot, New Vikas Gruh Road, Paldi, AHMEDABAD-380007. GUJARAT. Editor : **KINJAL ASHOKKUMAR SHAH**